શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય વિરચીત

# શ્રી પરમાનંદ પચ્ચિશી


પદ્યભાવાનુવાદ લેખક :

અમરચંદ માવજી શાહ



પ્રકાશક :

શ્રી મંગળ પ્રકાશન મંદિર

આનંદ પ્રેસ—ભાવનગર

ॐ श्री परमात्माने नमः ।

# શ્રી પરમાનંદ પચ્ચિશી

卐

યોગીશ્વર શ્રી યશોવિજયજી ઉપાધ્યાય વિરચિત
સંસ્કૃત પદ્ય ઉપરથી ભાવપદ્યાનુવાદક


શ્રી અમરચંદ માવજી શાહ, (પચ્છેગામવાળા)
તાલધ્વજગિરિ તીર્થ—તળાજા.


—: પ્રકાશક :—

પ્રાપ્તિસ્થાન :

**નૂતન ઉપકરણ ભંડાર**

કોટાવાળી ધર્મશાળા

**પાલીતાણા**

**મૂલ્ય : ૦–૨૫**

પ્રથમાવૃત્તિ પ્રત ૨૦૦૦

શ્રાવણ સં. ૨૦૨૫

: મુદ્રક :

**હરિલાલ દેવચંદ શેઠ**

આનંદ પ્રિ. પ્રેસ

**ભાવનગર.**

# નિવેદન

યોગીશ્વર શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયની જ્ઞાનદિપીકા તુલ્ય **જ્ઞાનસાર**ની કૃતિ તો જૈનદર્શનની ગીતા છે. અને તે ૨૫ વરસથી મારો પ્રીય આધ્યાત્મિક ગ્રંથ સદ્ગત ધર્માત્મા શ્રી કુંવરજીભાઈ આણંદજી તરફથી મને પ્રાપ્ત થયો હતો. આનંદઘન પદ સંગ્રહની પ્રસ્તાવનામાં સદ્ગત વિદ્વાન સાક્ષરવર્ય શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહે પરમાનંદ પચ્ચિશીનો એક શ્લોક મુકેલો તે મને ખૂબજ પ્રીય થઈ પડયો. ત્યારબાદ સજ્જનસન્મિત્ર મહાનિધીમાં પરમાનંદ પચ્ચિશી જેઈ તે વાંચતા અત્યાનંદ થયો અને તેનું ગુર્જરગિરામાં હરિગીત છંદમાં ભાવપદ્યાનુવાદ કરવાની પ્રેરણા થઈ. અને તે ૨૫ ગાથાઓનો પદ્યાનુવાદ સહજમાં બની ગયો ને તુરત "આત્માનંદ પ્રકાશમાં પ્રકાશીત થયો."

એક વિદ્વાનમુનિવર્યને આ પદ્યાનુવાદ વંચાવતા તેમણે નીચે મુજબ પત્રમાં અભિપ્રાય દર્શાવ્યો—

"અનુવાદ સુંદર છે. આત્મરમણ રસિકો માટે આહ્લાદજનક હૃદયંગમ છે."

કવિ નથી નહિં કોઈ દી', પીંગળ લીધી છે હાથમાં;
અનુભવ થકી સાહસ કરી, રચના કરૂં છું કાવ્યમાં.

ભૂલો હશે શબ્દો મહીં, ભાવાર્થ નહિં ચુકયો જરી;
માગું ક્ષમા લેજો સહી, એ યાચના 'અમર' ફરી.

આ રીતે મારી અલ્પજ્ઞની આ કૃતિ સૌ આત્મ બંધુઓને પરમાનંદમય, પ્રેરણાત્મક બનો એજ મંગલ ભાવના. આ પરમાનંદ પચ્ચિશી મારા સદ્‌ગત ગુરુવર્ય ચિદાનંદરસિક સન્મિત્ર શ્રી કર્પુરવિજયજી મહારાજની જન્મશતાબ્દી પ્રસંગે તેઓશ્રીને અર્પણ કરી કૃતાર્થતા અનુભવું છું.

અમરચંદ માવજી શાહ

# થોડું પ્રાસંગિક

આત્મોન્નતિના બે માર્ગ. સૌ પેલો માર્ગ આત્માના શુદ્ધ-સ્વરૂપને ઓળખવું, અને બીજો માર્ગ આત્માના દોષોનું નિરૂપણ કરવું. આ બે માર્ગ જો જીવનમાં સમજાય જાય તો જીવન-શુદ્ધિ-આત્મશુદ્ધિ જરા પણ દૂર નથી.

આત્માના દોષોનું નિરૂપણ કરતી 'રત્નાકર પચ્ચિશી' એક ઉત્તમ સંસ્કૃત કાવ્ય છે. આજથી પચાશેક વરસ પૂર્વે ભાવનગરના સુવિખ્યાત ધાર્મિક શિક્ષક શ્રી શામજી હેમચંદ દેશાઈએ 'રત્નાકર પચ્ચિશી'નો ગુજરાતી પદ્યાનુવાદ કર્યો, આબાલવૃદ્ધ જૈન જનતાને તે બહુ ગમ્યો, ગામેગામ રત્નાકર પચ્ચિશીનો આ પદ્યાનુવાદ પ્રેમથી ગુંજતો થયો, અને એ અમરકૃતિ બની ગઈ.

આત્મશુદ્ધિનું સ્વરૂપ ઘણા સુંદર અને સરળતાથી સમજાવતી એક-**પરમાનંદ પચ્ચિશી** યોગીશ્વર શ્રીમદ

યશોવિજયજી ઉપાધ્યાયજીએ સંસ્કૃતમાં રચી છે; આત્માર્થીઓને માટે આ અતિ ઉપયોગી રસ–સામગ્રી છે, તે મૂળ તથા ભાવાનુંવાદમાં પ્રગટ પણ કરવામાં આવી છે.

અધ્યાત્મપ્રેમી શ્રી અમરચંદ માવજી શાહના હાથમાં આ પચ્ચિશી આવી. તે તેમને બહુ ગમી અને ઉર્મિ આવતા તેનો પદ્યભાવાનુંવાદ સરસ રીતે તુરત કરી નાખ્યો.

અમરચંદભાઈએ ઘણા કાવ્યો રચ્યા છે, અને તેમાના કેટલાક તો જનતાને ખુબ પ્રિય થઈ પડયા છે. પરમાનંદ પચ્ચિશીનો તેમનો આ પદ્યાનુંવાદ "આત્માનંદ પ્રકાશ"માં પ્રગટ થયો અને વાચકોમાં તે પ્રિય થઇ પડયો.

રત્નાકર પચ્ચિશીના ગુજરાતી પદ્યાનુંવાદની જેમ આ ગુજરાતી પદ્યાનુંવાદ પણ એટલો જ ઉપયોગી અને લોકપ્રિય થઇ પડશે તેમ માનીને આ નાનું પ્રકાશન વાંચકો સમક્ષ મૂકતા અમોને આનંદ થાય છે.

—પ્રકાશક

( અનુષ્ટુપ વૃત )

परमानंद संयुक्तं, निर्विकारं निरामयं;
ध्यानहीना न पश्यन्ति, निज देहे व्यवस्थितं. १

**ભાવાર્થ**–પરમ આનંદ યુક્ત, રાગ દ્વેષ આદિ વિકારોથી રહિત, સર્વ પ્રકારનાં રોગ રહિત, પોતાના દેહને વિષે વ્યાપી રહેલો, અનંત જ્ઞાન શક્તિવંત આત્માને તેનાં ચિંતવનથી રહિત એવા અજ્ઞાની આત્માઓ જોઈ જાણી શકતા નથી. (૧)

( હરિગીત )

ઉત્કૃષ્ટ આનંદ રૂપ જે, રાગાદિ દોષથી રહિત છે;
સર્વ રોગથી રહિત ને, આ દેહમાં વ્યાપેલ છે.
અનંત શક્તિ વંત છે, તેને નહિ જે ચિંતવે;
અજ્ઞાની એવા પ્રાણીઓ, નિજસ્વરૂપને નહી ઓળખે. ૧

**अनंत सुख संपन्नं, ज्ञानामृत पयोधरं;**
**अनंत वीर्य संपन्नं, दर्शनं परमात्मनः २**

**ભાવાર્થ**—અનંત સ્વભાવ સુખથી પરિપૂર્ણ, જ્ઞાનરૂપ અમૃતને વધારવામાં મેઘ સમાન, અનંત વીર્યગુણથી પરિપૂર્ણ પરમાત્માનું સ્વરૂપ છે. (૨)

( હરિગીત )

સ્વભાવ સુખ અનંતને, પરિપૂર્ણ જ્ઞાનામૃત છે;
અનંત દર્શન જ્ઞાન અનંત, અનંત વીર્ય સહિત છે.
અનંત ચતુષ્ટય રૂપ જે, સ્વરૂપ અવ્યાબાધ છે;
પરમાતમા અલૌકિકતણું, અજર અમર સ્વરૂપ છે. ૨

**निर्विकार निराहारं, सर्वसंग विवर्जितं;**
**परमानंद संपन्न, शुद्ध चैतन्य लक्षणं. ३**

**ભાવાર્થ**–પંચેન્દ્રિયનાં વિકાર રહિત, આહાર રહિત, સર્વસંગ રહિત, પરમ આનંદમય, શુદ્ધ ચૈતન્ય પરમાત્માનું સ્વરૂપ છે. (૩)

( હરિગીત

નિર્વિકાર ને નિરાહાર, સર્વ સંગ રહિત છે;
પરમ આનંદ મય સ્વરૂપ, શુદ્ધ ચેતના સહિત છે.
નિરંજન ને નિરાકાર, નિર્વિતર્ક સ્વરૂપ છે;
નિત્યાનંદને નિર્વિચાર, નિર્વિકલ્પ સ્વરૂપ છે. ૩

**उत्तम आत्म चिंता च, मोह चिंता च मध्यमा;**
**अधमाः काम चिंता च, परचिंताधमाऽधमाः ४**

**ભાવાર્થ**—આત્માની ચિંતા કરનારા ઉત્તમ પુરૂષો છે, મોહ–ચિંતા કરનારા મધ્યમ છે, વિષય કષાયની ચિંતા કરનારા અધમ છે, અને પરભાવ પર દ્રવ્યની ચિંતા કરનારા અધમાધમ છે. (૪)

( હરિગીત )

આત્મ ચિંતનમાં સદા, જે રક્ત ઉત્તમ જાણજો;
મોહનું ચિંતન કરે તે, મધ્યમ પિછાણજો.
કામ ચિંતન જે કરે તે, અધમ તેને માનજો;
પરતણી ચિંતા કરે તે, અધમાધમ અવધારજો. ૪

निर्विकल्प समुत्पन्नं, ज्ञानामृत पयोधरं;
विवेक मंजलि कृत्वा, तं पिबन्ति तपस्विनः ५

**ભાવાર્થ**–સંકલ્પ વિકલ્પથી રહિત, નિર્વિકલ્પ સ્વરૂપ, જ્ઞાનામૃતની મેઘધારાનું વિવેકરૂપ અંજલીવડે તપસ્વી ભેદજ્ઞાની સત્પુરુષો અમૃતપાન કરે છે. (૫)

( હરિગીત )

નિર્વિકલ્પ દશામહીં, સમ્યક્ સ્વરૂપે સ્થિત છે,
તે જ્ઞાનામૃતના સાગરે, આનંદ પ્રેમ સહિત છે.
ભેદ જ્ઞાનના વિવેકથી, સમ્યગ્ દર્શન ચક્ષુથી;
જ્ઞાનામૃતનું પાન કરતા, અંજલીઓ ભરીભરી. ૫

**सदानंदमयं जीवं, यो जानाति स पंडित:**
**से सेवते निजात्मानं, परमानंद कारणं. ६**

**ભાવાર્થ**–આ આત્મા સદાય આનંદમય છે, એમ જાણનાર સાચો જ્ઞાની છે, અને તેજ આત્મા પોતાના પરમ આનંદને કારણે હંમેશા પોતાના નિજાત્માનું સેવન કરે છે. (૬)

( હરિગીત )

આનંદમય આ આત્માને, જાણતો તે બુદ્ધ છે;
નિજ આત્મામાં રમણ કરે, તે નિજસ્વરૂપે શુદ્ધ છે.
સેવન કરી સ્વસ્વરૂપનું, વિભાવ ને જે ત્યાગતો;
સ્વભાવમાં સ્થિરતા કરી, નિજ સ્વરૂપને એ પામતો. ૬

**नलिनं च यथा-नीरं, भिन्नं तिष्ठति सर्वदा;**
**अयमात्मा स्वभावेन, देहे तिष्ठति सर्वदा. ७**

**ભાવાર્થ**—જેમ જળથી કમળ સદાય અલિપ્તજ રહે છે, તેવી રીતે મારો આત્મા સ્વભાવથી સદાય દેહથી જુદો જ છે. (૭)

(હરિગીત)

જળકમળવત્ આ આત્મા, ક્ષીર નીર રૂપે જાણવો;
દેહથી જે ભિન્ન સ્વરૂપ, શુદ્ધ આત્મા ધારવો.
દેહમાં રહેવા છતાં જે, દેહથી ન્યારો સદા;
પ્રજ્ઞા થકી પિછાણવો, અરૂપી નિજ આ આત્મા. ૭

**द्रव्यकर्म विर्निमुक्तं, भावकर्म विवर्जितं;**
**नोकर्म रहितं विंति, निश्चयेन चिदात्मानं. ८**

**ભાવાર્થ**-જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ રહિત, રાગદ્વેષ મોહ આદિ ભાવકર્મ રહિત, અને શરીર આદિ નોકર્મથી રહિત એવું ચિદાત્માનું નિશ્ચયથી સ્વરૂપ છે. (૮)

( હરિગીત )

દ્રવ્યકર્મ રહિત ને, જે ભાવકર્મ રહિત છે;
નોકર્મથી રહિતને, સત્ ચિદાનંદ સ્વરૂપ છે.
નિશ્ચય થકી નક્કી કરી, સ્વસ્વરૂપને સંભાળજો;
પરભાવથી મૂક્ત થઈ, શુદ્ધ સ્વરૂપને પામજો. ૮

**अनंत ब्रह्मणो रूप, निज देहे व्यवस्थितं;**
**ज्ञान हीना न पश्यन्ति, जात्यंधा इव भास्करं. ९**

**ભાવાર્થ**—અનંત જ્ઞાનસ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ, ચિદ્-આત્મા, પોતાનાં દેહમાં વ્યવસ્થિત વ્યાપેલો છે, તેને જેમ જાતિઅંધ પુરૂષો સૂર્યનાં પ્રકાશને દેખી શકતા નથી, તેમ જ્ઞાનરૂપી ચક્ષુ વગરના સ્વઆત્માને જોઈ શકતા નથી. (૯)

( હરિગીત )

બ્રહ્મજ્ઞાન સ્વરૂપ જે, અનંત અવ્યાબાધ છે;
સ્વદેહમાં વ્યાપક છતાં, અજ્ઞાનીને ન જણાય છે.
જેમ સૂર્યના પ્રકાશને, જાત્યાંધ નહિં દેખી શકે;
તેમ મિથ્યાદષ્ટિવંત નહિ, સ્વસ્વરૂપને જોઈ શકે. ૯

**तद्ध्यानं क्रियते भव्य, मनोयेन विलीयते;**
**तत्क्षणं पश्यति शुद्धं, चित् चमत्कार दर्शनं. १०**

**ભાવાર્થ**–તે શુદ્ધ આત્માનું જે ભવ્ય આત્માઓ ધ્યાન કરે છે, ત્યારે તેનાં મનનો લય થાય છે, મનનો લય થતાં તેજ સમયે, ચિત્તને ચમત્કાર પમાડતું એવું શુદ્ધ આત્માનું દર્શન થાય છે. (૧૦)

જે શુદ્ધ આત્મ દ્રવ્યનું, કરે ધ્યાન એકાગ્રપણે,
તે મનતણો લય કરી, સ્ફટિક સમ સ્વરૂપપણે.
નિર્મળ કેવળ જ્ઞાનને, પ્રાપ્ત કરે એક સમયમાં;
ધ્યાતા ધ્યેયની એકતા, ધ્યાનના આ પ્રયોગમાં. ૧૦

( વસંત તિલકા છંદ )

**ये धर्मलीना मुनयः प्रधानाः,**
**स्ते दुःखहीना नियमे भवन्ति;**
**संप्राप्य शीघ्रं परमात्म तत्वं,**
**व्रजन्ती मोक्षं क्षणएक मध्ये. ११**

**ભાવાર્થ**—આ પ્રમાણે આત્મધર્મ સંપન્ન–યોગીઓ, આ સંસારના જન્મ-જરા–મરણ આધિ વ્યાધિ ઉપાધીથી નિયમથી મુક્ત થાય છે, અને એક સમયમાં પરમાત્મ-સ્વરૂપ પ્રાપ્ત કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે. (૧૧)

( હરિગીત )

સ્વદ્રવ્યગુણ પર્યાયમાં, ચર્યા કરે જે યોગીઓ:
તે આત્મધર્મને પામતા, દુઃખ દોષથી તે મૂક્ત હો.
પરમાર્થ તત્ત્વને પામીને, પરમ જ્યોતિ પ્રકાશતા;
સર્વ કર્મથી મૂક્ત થઈ, મૂક્તિપૂરીને પામતા. ૧૧

( વસંત તિલકા છંદ )

**आनंदरुपं परमात्म तत्वं,**
**समस्त संकल्प विकल्प मुक्तं;**
**स्वभावलीना निवसन्ति नित्यं.**
**जानाति योगी स्वयमेव तत्वं १२**

**ભાવાર્થ**—પરમાત્માનું સ્વરૂપ-પરમઆનંદ રૂપ-સર્વ પ્રકારનાં સંકલ્પ વિકલ્પથી રહિત છે, એ તત્વને સ્વભાવમાં લીન થયેલા યોગીઓ નિત્ય તેમાંજ નિવાસ કરીને સ્વસ્વરૂપને પ્રાપ્ત કરે છે. (૧૨)

( હરિગીત )

પરમાત્માનું સ્વરૂપ જે, આનંદમય છે સર્વદા;
સંકલ્પ વિકલ્પ રહિતને, પરમ જ્યોતિરૂપ સદા.
સ્વભાવમાં જે લીન છે, એ તત્ત્વને પ્રાપ્ત કરે;
નિર્વિકલ્પ સ્વરૂપમાં, સ્વયંમેવ તત્ત્વદર્શન કરે. ૧૨

( અનુષ્ટુવૃત )

**चिदानंदमयं शुद्धं, निराकारं निरामयं;**
**अनंत सुख संपन्नं, सर्वसंग विवर्जितं. १३**

**ભાવાર્થ**–સત્ ચિત્ આનંદમય શુદ્ધ આત્મસ્વરૂપ જે નિરાકાર, નિર્મળ–અનંત સુખથી પરિપૂર્ણ સર્વ સંગથી રહિત છે. (૧૩)

( હરિગીત )

ચિદાનંદ ચૈતન્ય ઘન, જે શુદ્ધ છે સ્વરૂપથી;
સર્વ દુઃખથી રહિતને, નિર્મળ સ્વસ્વભાવથી.
અનંત સુખ સંપન્ન અને, સર્વ સંગથી રહિત જે;
આધિ વ્યાધિ ઉપાધિથી, જે સર્વથા એ મૂક્ત છે. ૧૩

**लोकमात्र प्रमाणोहि, निश्चये नहि संशयः**
**व्यवहारो देह मात्रेण, कथयन्ति मुनीश्वराः १४**

**ભાવાર્થ**—નિશ્ચયથી જે ચૌદ રાજલોકની અવગાહના પ્રમાણ છે, પરંતુ વ્યવહારથી સંસારમાં માત્ર દેહ પ્રમાણ આ આત્મા છે, તેમ મુનિવર્યોનું મંતવ્ય છે. (૧૪)

( હરિગીત )

ચૌદરાજ લોકમાં, અવગાહનાનું ક્ષેત્ર છે;
નિશ્ચય થકી એ જાણજે, વ્યવહારે દેહ પ્રમાણ છે.
સંશય નહિ એમાં કંઇ, સર્વજ્ઞના એ જ્ઞાનમાં,
શ્રદ્ધા થકી શુદ્ધિ કરો, આત્મા તણા પ્રકાશમાં. ૧૪

**यत्क्षणं दृष्यते शुद्धं, तत्क्षणं गत विभ्रमः**
**स्वस्थ चित्तं स्थिरीभूतं, निर्विकल्पं समाधये. १५**

**ભાવાર્થ**—જે સમયે આ આત્મા પોતાને શુદ્ધ-સ્વરૂપે જણાય છે, તેજ ક્ષણે સર્વ સંકલ્પ વિકલ્પોથી રહિત થાય છે, અને સ્વસ્થ–શાંત–સ્થિર સ્વભાવવાળો થઇ, નિર્વિકલ્પ સમાધિમય થાય છે. (૧૫)

( હરિગીત )

સ્વસમય સ્થિત જે આત્મા, જે સમયમાં શુદ્ધિ કરે;
એક સમયમાં વિકલ્પ રહિત, થઇને સ્વરૂપમાં વિચરે.
પરમશાંત સ્થિર સમાધિ, ભાવમાં સ્થિરતા કરે;
નિર્વિકલ્પ સ્વરૂપમાં, આનંદ ઊર્મી ઊછળે. ૧૫

**स एव परमं ब्रह्म, स एव जिन पुंगवः**
**स एव परमं तत्वं स एव परमं तपः १६**

**ભાવાર્થ**–તેજ પરમ બ્રહ્મસ્વરૂપ છે, તેજ જિન વીતરાગ સ્વરૂપ છે, તેજ પરમ ઉત્કૃષ્ટ, તત્વ છે, અને તેજ પરમતપમય શુદ્ધ આત્મા છે. (૧૬)

( હરિગીત )

તે તેજ પરમ બ્રહ્મ છે, તે તેજ જિન વિતરાગ છે;
ઉત્કૃષ્ટ પરમ તત્ત્વ છે, જે સારભૂત સર્વજ્ઞ છે.
ઈચ્છા નિરોધી તપ રૂપ, છે તેહવો તે આત્મા;
તપ તેહી જ આત્મા છે, જ્ઞાન તેહી જ આત્મા. ૧૬

**स एव परमं ज्योति, स एव परमो गुरुः**
**स एव परमं ध्यान, स एव परमोत्तमः १७**

**ભાવાર્થ**—તેજ પરમ જ્યોતિમય, તેજ પરમ ગુરૂ તેજ પરમધ્યાન અને તેજ પરમ ઉત્તમ એવું પરમાત્મ સ્વરૂપ છે. (૧૭)

( હરિગીત )

તે તેજ જ્ઞાન જ્યોતિમય, તે તેજ પરમ ગુરુ છે;
તે તેજ પરમ ધ્યાનમય, તે તેજ નિજ સ્વરૂપ છે.
સારમાં છે સાર વસ્તુ, શુદ્ધ આત્મા ધારવો;
દ્રવ્ય ગુણ પર્યાયથી, શુદ્ધ સ્વરૂપ પિછાણવો. ૧૭

**स एव सर्वे कल्याणं, स एव सुख भाजनं;**
**स एव शुद्ध चिद्रुपं, स एव परमं शिवं. १८**

**ભાવાર્થ**–તેજ સર્વ કલ્યાણમય છે, તેજ સર્વ સુખનું ભાજન છે, તેજ શુદ્ધ ચિદ્દરૂપ છે, તેજ પરમ શિવરૂપ પરમાત્મ સ્વરૂપ છે. (૧૮)

( હરિગીત )

તે તેજ કલ્યાણ રૂપ છે, તે તેજ સુખ સ્વરૂપ છે;
તે તેજ શુદ્ધ ચિદ્દરૂપ છે, તે તેજ શિવ સ્વરૂપ છે.
તેનેજ એકને જાણવો, તેનેજ એકને પામવો;
એ જાણતા સહુ જાણીયું, નિશ્ચયથી તે જાણજો. ૧૮

**स एव परमानंद, स एव सुखदायक;**
**स एव परम चैतन्यं, स एव गुणसागरः १९**

**ભાવાર્થ**—તે જ પરમ આનંદમય છે, તેજ પરમ સુખ સ્વરૂપ છે, તે જ પરમ ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ છે, અને તે જ ગુણના મહાસાગર છે. (૧૯)

(હરિગીત)

તે તેજ પરમાનંદમય, તે તે જ સુખદાયક છે;
તે તે જ પરમ ચૈતન્યમય, અજર અમર શિવરૂપ છે.
અનાદિથી અજ્ઞાનથી, મિથ્યાત્વ અવિરતિ ભાવમાં;
કપાય યોગથી બંધમાં, ભ્રમણ કર્યું સંસારમા. ૧૯

परम आल्हाद संपन्नं, रागद्वेष विवर्जितं ।
सोऽहं देह व्यवस्थितं यो जानाति स पंडितः ॥२०॥

**ભાવાર્થ**—પરમ આલ્હાદમય, જે રાગદ્વેષથી રહિત છે, જે દેહમાં સ્વસ્વરૂપે પ્રતિષ્ઠિત છે, એ સોડહંને જે જાણે છે તે જ પંડિત છે. (૨૦)

( હરિગીત )

આલ્હાદકારક પરમ જ્યોતિ, રાગ દ્વેષથી રહિત છે;
સોડહં સ્વરૂપે દેહમાં, સ્વભાવથી એ સહિત છે.
પરભાવ અહંભાવના, ત્યાગી થઇ વિભાવથી;
પૂર્ણતામાં મગ્ન થઇ, સ્થિરતા કરો સ્વભાવથી. ૨૦

आकार रहितं शुद्धं, स्वस्वरूपे व्यवस्थितं;
सिद्धा अष्ट गुणापेत, निर्विकार निरंजनः २१

**ભાવાર્થ**—જે શુદ્ધ આકાર રહિત, સ્વસ્વરૂપમાં વ્યવસ્થીત, સ્વદ્રવ્ય ગુણપર્યાયથી વ્યવસ્થીત છે, સિદ્ધનાં અષ્ટગુણોથી સહિત છે, અને જે નિર્વિકાર નિરંજન સ્વરૂપે સદાય પ્રકાશીત છે. (૨૧)

( હરિગીત )

આકારથી છે રહિત ને, વિકારથી પણ રહિત છે;
સિદ્ધ ગુણ સહિત જે, નિર્વિકાર કર્મ રહિત છે.
શુદ્ધ નિષ્પન્ન યોગી છે, જે ગુણ સ્થાનક રહિત છે,
ચૈતન્ય શુદ્ધ નિરંજન, અનન્યમય એ મૂર્તિ છે. ૨૧

**तत् समंतु निजात्मानं, परमानंद कारणं;**
**सहजानंद चैतन्यं, सो जानाति स पंडितः २२**

**ભાવાર્થ**–એ પ્રમાણે નિજાત્મસ્વરૂપને પરમ આનંદના રૂપ સમજીને, જે પોતાના સહજાનંદ ચૈતન્ય સ્વરૂપે–ઓળખે છે તે પંડિત અથવા જ્ઞાની છે. (૨૨)

( હરિગીત )

રાગદ્વેષને મોહથી, રહિત એવો આતમા.
સહજ સ્વરૂપે જાણજો, પરમ એ પરમાતમા.
જ્ઞાન ચેતના યુકત ને, એ જ્ઞાતાદૃષ્ટા માત્ર છે,
જ્ઞાન જ્ઞેયની ભિન્નતા, અભિન્ન આત્મારામ છે. ૨૨

पाषाणेषु यथा हेम, दुग्ध मध्ये यथा घृतं;
तिल मध्ये यथा तैलं, देह मध्ये तथा शिवः २३

**ભાવાર્થ**—જેમ પાષાણમાં સુવર્ણ છે, દૂધમાં જેમ ઘી છે, તલમાં જેમ તેલ છે, તેમ દેહમાં શિવ સ્વરૂપ આત્મા વ્યાપીને રહેલો છે. (૨૩)

( હરિગીત )

જેમ સુવર્ણ છે પાષાણમાં, ને ઘૃત છે દુગ્ધ મહીં;
તલ મહીં છે તેલ ને, તેમ આત્મા દેહ મહીં.
પણ દેહથી એ ભિન્ન છે, સંયોગ રૂપ સંબંધ છે,
સંસાર અવસ્થા મહીં, એ તાદાત્મ્યરૂપ જણાય છે. ૨૩

**काष्ठ मध्ये यथा वन्हि, शक्ति रूपेण तिष्ठति;**
**अयमात्मा स्वभावेन, देहे तिष्ठति निर्मल: २४**

**ભાવાર્થ**—જેમ લાકડામાં અગ્નિ અંતર્ગત શક્તિ રૂપે રહેલો છે, તેમ આ આત્મા પોતાના સ્વભાવમાં સ્વસ્વરૂપે નિર્મળ આ દેહમાં અંતર્ગત રહેલો છે. (૨૪)

( હરિગીત )

જેમ કાષ્ટમાં અગ્નિ રહે, તેમ દેહમાં શક્તિરૂપે;
એમ જે તે જાણુતો, તે જ્ઞાનમય પંડિત દીપે.
સર્વશાસ્ત્રનો સાર આ, છે સારરૂપ આ આતમા;
અંતર આત્મ સ્વરૂપથી, પરમાનંદ પરમાતમા. ૨૪

अवृतानि परित्यज्य, वृतेषु परि तिष्ठति;
त्यजे त्तानपि संप्राप्य, परमं पद मात्मनः २५

**ભાવાર્થ**-મિથ્યાત્વ—અવિરતી, કષાય અને યોગનો ત્યાગ કરીને અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય અને અનંત સુખનો સ્વામી થઈને, આત્મા પરમાનંદ મય પોતાના આત્મસ્વરૂપે પૂર્ણ શુદ્ધ સ્વરૂપે મગ્ન સ્થિર થઈ, સર્વજ્ઞ વિતરાગ થઈ કૃત્યકૃત્ય થઈ પરમ શાંતિને પ્રાપ્ત કરે છે. ૐ શાંતિઃ

( હરિગીત )

અવૃતનો કરી ત્યાગ ને, વિરતિ પરિણામે રહો;
સમભાવમાં સ્થિરતા કરી, સ્વસ્વરૂપને અંતર ભજો.
પરમ આનંદ પ્રાપ્ત કરીને, પરમ 'યશ'ને પામજો;
'અમર' સ્વરૂપ દર્શન કરી, સૌભાગ્ય લક્ષ્મી દીપાવજો. ૨૫

ઇતિશમ્

# કવિ કવન

કવિ કવનની લ્હેર, પવન લઇને ઉપડયો;
કર્ણપટે અથડાઈને, અંતરમાં જઈ ઉછળ્યો.

કર્યો હૃદય રણકાર, ભેદ્યો ભરમના ભેદને;
અભેદનો ભણકાર, છેદ્યો કરમના ખેદને.

ખીલી વસંતની વેલ, ટુ–હુ–ટુ–હુ કોકીલા કરે;
તુંહી–તુંહી–નો નાદ, ૐકાર ચેતન ખરે.

કવનનું શમન થયું, નિર્વિકલ્પ થયો કવિ;
સુર પર કર થંભી ગયો, 'અમર' સિદ્ધ થયો રવિ.

卐

# પ્ર ભા વ ના

આત્મસ્વરૂપના ઉપયોગની જાગૃતિ માટે, નિત્ય સ્વાધ્યાયરૂપ **શ્રી પરમાનંદ પચ્ચિશી** ભાવાર્થ તથા પદ્યભાવાનુવાદ સાથે પ્રસિદ્ધ કરવામાં આવી છે પાઠશાળાઓ કન્યાશાળાઓ તથા ઉત્સવ, ઉજમણા, વરસીતપ આદિમાં પ્રભાવના કરવા માટે મંગાવો.

બુક ૧ નાં ૦–૨૫ પૈસા પ્રભાવના માટે બુક ૧૦૦ ના રૂા. ૨૦–૦૦


મંગળ પ્રકાશન મંદિર

આનંદ પ્રેસ, સુતારવાડ–**ભાવનગર**


卐